અગત્યનું

જા.નં.નિ અને અસ./અષણ-૫/૭૩૦/૨૦૧૫
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારખાતુ, ગુ.રા., ચોથેમાળ,
કૃષિભવન, પાલડી, અમદાવાદ.
ફોન.નં-૨૬૫૭૭૩૯૧, ફેક્સ- ૨૬૫૭૭૩૯૨
Email : exoff –agri- and @gujarat.gov.in
તા.૧૫/૭/૧૫

વિષય- દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના અન્વેષણ વર્ગ બાબત.

પરિપત્રઃ-

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે તા. ૧૦/૪/૨૦૧૫નાં નોટીફીકેશન ક્રમાંક: GHKH/49/2015/GCS/102015/193/CHH તેમજ તા. ૭/૪/૨૦૧૫ ગુજરાત એક્ટ નં. ૧૨/૨૦૧૫નાં અસાધારણ સરકારી ગેઝેટ દ્વારા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧માં કરેલ સુધારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં કલમ-૨૭(૩)ની જોગવાઇ મુજબ અધિનિયમની કલમ-૮૪ અન્વયેનાં વૈધાનિક અન્વેષણનાં અંતે સહકારી મંડળીને પ્રાપ્ત થતાં અન્વેષણ વર્ગને સમવાયી મંડળીની ચૂંટણી પ્રક્રિયાનાં મતાધિકાર સાથે સાંકળવામાં આવેલ છે. તદનુસાર ઓડીટ વર્ગ "અ", "બ", "ક" (A,B,C) ધરાવનાર સહકારી મંડળી તેની સમવાયી મંડળીની ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આથી પ્રત્યેક સહકારી મંડળીનું વૈધાનિક અન્વેષણ તટસ્થ, ન્યાયી અને પારદર્શક રીતે થાય અને અન્વેષણનાં અંતે અન્વેષણ વર્ગ પ્રાપ્ત થવા અંગેની ધોરણસરની માર્કશીટ ઓડીટ મેમામાં રજુ કરવામાં આવે તેમજ ઓડીટ મેમાનાં પ્રથમ પાના ઉપર ગુજરાતી "અ" "બ" "ક" "ડ" તેમજ અંગ્રેજીમાં "A" "B" "C" "D" એ પ્રમાણે બંને ભાષામાં સ્પષ્ટપણે સુવાચ્ય અક્ષરોમાં પ્રાપ્ત થયેલ ગુણ સાથે ઓડીટ વર્ગ દર્શાવવામાં આવે તે અત્યંત જરૂરી અને આવશ્યક હોઇ આ બાબતે આપના જિલ્લાનાં તમામ ઓડીટરશ્રીઓ, પ્રમાણિત ઓડીટરશ્રીઓ તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રીઓનું અચૂક ધ્યાન દોરવા જણાવવામાં આવે છે.

સ્પેશ્યલ ઓડીટર
મિલ્ક ઓડીટ ઓફીસ ગોધરા.
શાખા
આવક રજી. નં. ૨૯૪૪
તા. ૨૦/૭/૧૫

સમવાયી મંડળીની ચૂંટણી દરમ્યાન મતાધિકાર બાબતે સભાસદ મંડળીના ઓડીટ વર્ગ બાબતે કાનૂની વિવાદ ઉપસ્થિત થાય, તેવા સંજોગોમાં સંબંધિત મંડળીના અસલ ઓડીટમેમાના પ્રથમ પાના ઉપર ગુજરાતી તેમજ અંગ્રેજીમાં દર્શાવેલ ઓડીટ વર્ગ અને પ્રાપ્ત થયેલ ગુણની વિગત આધારભૂત પુરાવો ગણાશે. આથી અન્વેષણ વર્ગ આપવા બાબતે સહકાર ખાતાની સ્થાયી સૂચનાઓ વિરુધ્ધ કોઇ પણ પ્રકારની નિષ્કાળજી, બેદરકારી દાખવવામાં આવશે તો તે અંગે સબંધિત ઓડીટરની જવાબદારી રહેશે. અને આ બાબતને ગંભીરતાથી લેવામાં આવશે. આથી સમવાયી મંડળીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી મુક્ત, ન્યાયી, તટસ્થ રીતે થાય તે હેતુસર પ્રત્યેક સહકારી મંડળીને કાળજીપૂર્વકની ચકાસણીનાં અંતે ગુણપત્રક તૈયાર કરી તે મુજબ અન્વેષણ વર્ગ આપવામાં આવે તે બાબત તમામ ઓડીટરશ્રીઓનાં ધ્યાને મૂકવા જણાવવામાં આવે છે.

આ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે. તેમજ આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

( કૌશિક જોષી )
મુખ્ય કાર્યપાલક અધિકારી,
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકાર ખાતું, ગુ.રા, અમદાવાદ

પ્રતિ,

(૧) સ્પે.ઓડીટરશ્રી, (મિલ્ક ઓડીટ) મિલ્ક ઓડીટ ઓફીસ, તમામ (આપના તાબાના કર્મચારીઓને પરિપત્રીત કરી, ચૂસ્તપણે અમલ કરવા સારૂ.) ગોધરા)

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ તમામ. (જાણ તેમજ મિલ્ક ઓડીટની સંકલન બેઠક તથા એકસૂત્રતા બેઠકમાં ચર્ચા-પરામર્શ સારૂ.)

(૩) કચેરીના તમામ અધિકારીઓ અને શાખાવડાશ્રીઓ

નકલ સાદર રવાના:-

(૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) પ્રમુખશ્રી, ગુજરાત સહકારી ટ્રિબ્યુનલ, અમદાવાદ.

જા.નં. અષણ/૦૫૬૭૪/૨૦૧૫
સ્પેશ્યલ ઓડીટર, મિલ્ક ઓડીટ ઓફીસ
ગોધરાનું કાર્યાલય ... ભવન,
બીજો માળ, રૂમ નં. ૩૦ થી ૩૪ ગોધરા (પંચ.)
તા. ૨૦/૭/૧૫

નકલ રવાના પ્રતિ
ઓડીટર / સબ - ઓડીટરશ્રી
દૂધ

જરૂરી અમલ કાર્યવાહી થવા સારૂ

(૪) સંયુક્ત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, તમામ.

(૫) અધિક રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સહકારી મંડળીઓ, રાજકોટ

(૬) સંયુક્ત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) અમદાવાદ/વડોદરા.

(૭) ખાંડ નિયામકશ્રી, ગાંધીનગર.

(૮) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વાણીજ્ય), વડી કચેરી, ગાંધીનગર

(૯) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વહીવટ), વડી કચેરી, ગાંધીનગર (વેબ સાઇટ ઉપર મૂકવા વિનંતી સહ)

(૧૦) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ), વડી કચેરી, ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ.(જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે વ્યવસ્થા ગોઠવવા સારૂ)

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (તમામ) (જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે)